૨૬ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી સુધી અમદાવાદ મંડળની ૪ જોડી પેસેન્જર સ્પેશ્યલ ટ્રેનો રદ્દ કરવામાં આવશે

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર જગુદણ-મહેસાણા સ્ટેશનોની વચ્ચે ડબલ લાઇનના કાર્ય અને મેહસાણા માં યાર્ડ રિમોડલિંગ કાર્ય હોવાને કારણે અમદાવાદ મંડળની ૪ જોડી પેસેન્જર સ્પેશ્યલ ટ્રેનો તારીખ ૨૬ ડિસેમ્બર ૨૦૨૨ થી ૮ જાન્યુઆરી ૨૦૨૩ સુધી રદ્દ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે. રદ્દ કરાયેલી ટ્રેનો- ૧. ટ્રેન નંબર ૦૯૪૮૧ મહેસાણા-પાટણ સ્પેશ્યલ (દૈનિક), ૨. ટ્રેન નંબર ૦૯૪૮૩ મહેસાણા-પાટણ સ્પેશ્યલ (સોમવાર અને શુક્રવાર સિવાય અઠવાડિયામાં ૫ દિવસ), ૩. ટ્રેન નંબર ૦૯૪૮૪ પાટણ-મહેસાણા સ્પેશ્યલ (સોમવાર અને શુક્રવાર સિવાય અઠવાડિયામાં ૫ દિવસ), ૪. ટ્રેન નંબર ૦૯૪૭૬ પાટણ-મહેસાણા સ્પેશ્યલ (દૈનિક), ૫. ટ્રેન નંબર ૦૯૪૯૧ મહેસાણા-વિરમગામ સ્પેશ્યલ (દૈનિક), ૬. ટ્રેન નંબર ૦૯૪૯૨ વિરમગામ – મહેસાણા સ્પેશ્યલ (દૈનિક), ૭. ટ્રેન નંબર ૦૯૩૬૯ સાબરમતી-પાટણ સ્પેશ્યલ (રવિવાર સિવાય દરરોજ), ૮. ટ્રેન નંબર ૦૯૩૭૦ પાટણ-સાબરમતી સ્પેશ્યલ (રવિવાર સિવાય દરરોજ).

ટ્રેનોના સ્ટોપેજ, સંચાલન અને સમયના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

કાંકરિયા લેકફ્રન્ટ લોકપ્રિય રિક્રિએશન સ્પોટ બન્યુ - મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

અમદાવાદ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતેથી 'કાંકરિયા કાર્નિવલ- ૨૦૨૨'ના પ્રારંભ પ્રસંગે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કાંકરીયાનો રંગરૂપ બદલીને અને અમદાવાદમાં સિટીઝન સેન્ટ્રિક સેવાઓ વિકસાવીને સુશાસનનું આગવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. શ્રી નરેન્દ્રભાઈના દ્રષ્ટિવંતા આયોજનોને પરિણામે આજે આ કાંકરિયા લેકફ્રન્ટ લોકપ્રિય રિક્રિએશન સ્પોટ બની ગયું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં કહ્યું કે, ભારતના અમૃતકાળમાં યોજાઈ રહેલા આ પહેલા કાંકરિયા કાર્નિવલની થીમ પણ આઝાદીના અમૃત મહોત્સવની છે. સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલાં ઘણા સ્મરણો અમદાવાદ પાસે છે. ગાંધીજીએ અહીં આશ્રમો સ્થાપ્યાં, દાંડીકૂચનો આરંભ અમદાવાદથી કર્યો, બાપુએ અનેક મહત્વની પ્રવૃત્તિઓ અમદાવાદથી જ સંચાલિત કરી. ઈતિહાસનું અપૂર્વ ગૌરવ અમદાવાદ પાસે છે અને આધુનિકતામાં પણ અમદાવાદ પાછળ નથી એમ તેમણે જણાવ્યું હતું. સુશાસનના પ્રતીક સમો સુંદર અટલ બ્રિજ અમદાવાદની રોનક વધારી રહ્યો છે. 'ગાંધી બ્રિજથી અટલ બ્રિજ'ની થીમ કાંકરિયા કાર્નિવલના શુભારંભ પ્રસંગને ખૂબ અનુરૂપ છે. એટલું જ નહીં આ થીમ અંતર્ગત થનારા કાર્યક્રમો અમદાવાદના ગૌરવવંતા ઈતિહાસને ઉજાગર કરશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું

કાંકરિયા કાર્નિવલના આયોજનને લઈને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, બે વર્ષ બાદ આ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે એટલે લોકોમાં ઉત્સાહ બમણો છે. આ વખતે પણ કાર્નિવલમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકડાયરો, નૃત્યનાટિકાઓ, લેઝર બીમ શો, યોગા-એરોબિક્સ, લાઈવ કેરેક્ટર્સ, ફૂડ ફેસ્ટિવલ, ગુજરાત પોલીસ દ્વારા હોર્સ શો તથા ડોગ શો ઉપરાંત નાનાં બાળકો માટે સાહસિક પ્રવૃત્તિઓ જેવાં સુંદર આયોજનો કરવામાં આવ્યાં છે. સાથે-સાથે કાંકરિયાની કિડ્ઝ સિટી, ટોયટ્રેન, ઝૂ, એક્વેરિયમ વગેરેની મજા નગરજનો માણી શકશે અને કાર્નિવલના સાતેય દિવસ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે એમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને પાવાગઢના પરિસરમાં પ્રારંભ થયેલા પંચમહોત્સવની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતે આધુનિકતાને કેવું આત્મસાત કર્યું છે એનો નજારો કાંકરિયા કાર્નિવલમાં જોવા મળે છે અને ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિ અને પરંપરાગત લોકમેળાનો વૈભવ પાવાગઢ પંચમહોત્સવમાં જોવા મળે છે. પરંપરાની જાળવણી સાથે આધુનિકતાને અપનાવવાની શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતમાં વિકસાવેલી પ્રણાલી આ બન્ને મહોત્સવોમાં સાકાર થઈ છે. પાવાગઢના પંચમહોત્સવમાં પણ લોકોને મનોરંજન સાથે આપણા ઈતિહાસ અને સંસ્કૃતિનું ગૌરવ અપાવે એવાં આયોજનો કરવામાં આવ્યાં છે. કાંકરિયા કાર્નિવલ અને પાવાગઢના પંચમહોત્સવ આ બન્ને લોકોત્સવોનો વધુમાં વધુ લોકો લાભ લેશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, દેશના અમૃતકાળમાં વડાપ્રધાનશ્રીએ ભારતને વિકસિત દેશ બનાવવાનું લક્ષ્ય આપ્યું છે, 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'નું લક્ષ્ય સિદ્ધ કરવાના સેવાયજ્ઞમાં સૌએ યોગદાન આપવાનું છે.

આ અવસરે આઝાદીના અમૃત મહોત્સવની થીમ પર કાંકરિયા કાર્નિવલનું સુંદર આયોજન કરવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સમગ્ર આયોજકોનો પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટલે આભાર વ્યક્ત કર્યો હતો.

આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારે કહ્યું કે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાંકરિયા તળાવની કાયાપલટ કરીને કાંકરિયાને વિશ્વ કક્ષાનું પર્યટન સ્થળ બનાવ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકા શહેરની આ વિકાસયાત્રાને આગળ ધપાવવા પ્રતિબદ્ધ છે. મેયરશ્રીએ 'કાંકરિયા કાર્નિવલ-૨૦૨૨'માં આગામી દિવસોમાં રજુ થનાર યોગ, હાસ્ય, સંગીત અને નાટ્ય પ્રસ્તુતિઓની તેમજ બાલનગરીની વિસ્તૃતમાં વિગતો પણ આપી હતી.

આ પ્રસંગે અમદાવાદના મેયરશ્રી કિરીટભાઈ પરમાર, અમદાવાદના ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ. થેન્નાસરન, સર્વે ધારાસભ્યશ્રીઓ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુસાફરોની સુવિધા માટે ભચાઉ રેલવે સ્ટેશન પર બે પેસેન્જર લિફ્ટનું ઉદ્ઘાટન

અમદાવાદ, માનનીય સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા દ્વારા માનનીય ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, માનનીય ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ડો. શ્રી નાગજી કેશવજી રીટાજીની ગૌરવપૂર્ણ હાજરીમાં આજે, ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ, ભચાઉ રેલવે સ્ટેશન પર બે પેસેન્જર લિફ્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી તરુણ જૈને કાર્યક્રમ દરમિયાન માહિતી આપી હતી કે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ભચાઉ રેલવે સ્ટેશન પર શ્રી પ્લેટફોર્મ નંબર ૧ અને ૧/૩ પર વાગડ વિશા ઓસવાલ ચૌબીસી મહાજનના આર્થિક સહયોગથી મુસાફરોની સુવિધા માટે ૧૩ પેસેન્જર ક્ષમતા વાળી જેનું ઉદ્ઘાટન આજે માનનીય સાંસદ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ આવતા-જતા તમામ મુસાફરો કરી શકશે. તે ખાસ કરીને વિકલાંગ અને વૃદ્ધો ખુબ જ માટે ઉપયોગી થશે. આ ખૂબ જ પ્રશંસનીય કાર્ય છે જેના માટે હું આપનો આભાર માનું છું અને તમામ ભામાશાહને વિનંતી કરું છું કે તમે પણ મુસાફરોના હિતમાં યોગદાન આપી શકો છો, જેના માટે રેલવે પ્રશાસન હંમેશા તમારી સાથે છે. અમદાવાદ મંડળ પર મુસાફરોની સુવિધા માટે વિવિધ સ્ટેશનો પર ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે જઈ રહ્યા છે આ ઉપરાંત રેલ વિધુતીકરણ, ગેજ પરિવર્તન, ડબલિંગ વગેરે કાર્ય પણ ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે ટ્રેનોની ક્ષમતા અને ઝડપ વધશે. અને મુસાફરોને તેનો લાભ મળી શકશે.

માનનીય સાંસદ અને માનનીય ધારાસભ્યોએ પશ્ચિમ રેલવે પર મુસાફરોની સુવિધાઓ વધારવાના સતત પ્રયાસોની પ્રશંસા કરી.આ પ્રસંગે શ્રી આદિશ પઠાણીયા, એ.આર.એમ. ગાંધીધામ તથા અન્ય રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા એલસીબીએ આણંદના ખંભાતમાં મેન્ટેનન્સ સર્વેયરને લાંચ લેતા રંગે હાથે પકડ્યા

ખંભાત, આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં આવેલ સીટી સર્વે કચેરી ટેકનિકલ વિભાગ રૂમ નંબર ૮ બીજા માળે તાલુકા સેવા સદનમાં ફરજ બજાવતો આરીફખાન પઠાણ ઈન્ચાર્જ મેન્ટેનન્સ સર્વેયર-૨, સીટી સર્વે કચેરી, તાલુકા સેવા સદન-ખંભાત, રેગ્યુલર પોસ્ટીંગ મેન્ટેનન્સ સર્વેયર, તારાપુર, વર્ગ-૩ને આણંદ એલસીબીએ રૂપિયા ૩૫૦૦ની લાચ લેતાં રંગે હાથે ઝડપી પાડ્યો છે. બોરસદના નાપા તળપદ ગામમાં આવેલા રાઠોડ વાળા ફળિયામાં હુસૈની મસ્જિદ પાસે રહેતો આરીફખાન મુસ્તુફાખાન પઠાણ સીટી સર્વે કચેરી તાલુકા સેવાસદન ખંભાત ખાતે ઈન્ચાર્જ મેન્ટેનન્સ સવેયર તારાપુર વર્ગ-૩માં ફરજ બજાવતો હતો. તે દરમિયાન આ કામના ફરીયાદીએ ખંભાત ખાતે ઝંડા ચોક, લાલાજીની પોળ પાસે આવેલ આશરે ૨૨૦ચોરસ ફૂટ જેટલી ખુલ્લી જમીન જેનો સીટી સર્વે નં-૨/૭૭૧ની રૂ. ૯૯,૫૦૦માં ખરીદ કરેલ. જેનો દસ્તાવેજ નં. ૨૫૪૮/૨૦૨૨નો ખંભાત સબ-રજીસ્ટ્રાર કચેરી ખાતે નોંધાયેલ હતો. ત્યારબાદ ફરીયાદીએ સદર દસ્તાવેજ આધારે સીટી સર્વે કચેરી, ખંભાત ખાતે ફેરફાર નોંધ તથા પ્રોપર્ટી કાર્ડમાં નામ દાખલ કરવા માટે ગઈ તા. ૨૯/૦૯/૨૦૨૨ના રોજ અરજી કરી હતી. કર્મચારી આરીફ ખાન પઠાણે ફરીયાદીનો ટેલીફોનીક સંપર્ક કરી તેઓની અરજી રીજેક્ટ થયેલ હોવાનું જણાવતા ફરીયાદી ગઈ તા. ૦૪/૧૧/૨૦૨૨ ના રોજ તેઓની કચેરી ખાતે રૂબરૂ મળતાં ત્યારે કર્મચારી આરીફખાન પઠાણે ફરીયાદી પાસે સીટી સર્વે કચેરીમાં ફેરફાર નોંધ કરવા માટે રૂ. ૨૫૦૦ થી રૂ. ૩૦૦૦ સુધીનો ખર્ચ થશે તેમ જણાવી લાંચની માંગણી કરી હતી . પરંતુ, ફરીયાદી આ લાંચના નાણા આપવા સહમત થયો નહતો અને સમય થવા છતાં પણ ફરીયાદીનું કામ ન થતા ફરીયાદી ફરીથી ગઈ તા. ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ કર્મચારી આરીફ ખાન પઠાણની કચેરી ખાતે તેઓને મળવા ગયો હતો. પોતાના કામ સંબંધે વાત કરતા આરીફ ખાને અગાઉ ફરીયાદી પાસે કરેલ લાંચની માંગણી અનુસંધાને તમામ ખર્ચા સાથે રૂ. ૩૫૦૦ આપવાની વાત કરતાં આરીફ ખાન આ લાંચના નાણા લેવા માટે સહમત થયો હતો.ફરીયાદી આ લાંચના નાણા આક્ષેપિતને આપવા ઈચ્છતા નહોતા.

તેઓએ આણંદ એસીબી કચેરી ખાતે રૂબરૂ જઈ ફરીયાદ આપતા આણંદ એલસીબીએ બે રાજ્ય સેવક પંચો, ખેડા એલસીબી પો.સ્ટે., નડીયાદના રેડીંગ પાર્ટીના સભ્યોને સાથે રાખી તથા સરકારી ઓડીયો રેકોર્ડરનો ઉપયોગ કરી ગોઠવ્યા હતાં. લાંચના છટકા દરમ્યાન કર્મચારી આરીફખાન પઠાણને ફરીયાદી સાથે પંચ- ૧ની હાજરીમાં હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણા સ્વીકારી રંગે હાથે ઝડપી પાડ્યો હતો. આ ટ્રેપ અધિકારી એમ.એલ.રાજપુત, પોલીસ ઈન્સ્પેકટર, આણંદ એ.સી.બી. પો.સ્ટે., આણંદ તથા ખેડા એ.સી.બી. પો.સ્ટે., નડીયાદની ટીમ સુપરવિઝન અધિકારી કે. બી. ચુડાસમા, મદદનીશ નિયામક, એ.સી.બી., અમદાવાદ એકમ, અમદાવાદ દ્વારા કરવામાં આવી હતી.

જામનગરના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા જોડિયા ખાતે તાલુકા સ્તરીય રમત-ગમતનું કરાયું આયોજન

જામનગર, ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર, જામનગર દ્વારા સાંઇ વિદ્યાલય, જોડિયા ખાતે તાલુકા સ્તરીય રમત-ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા યુવા અધિકારીના હસ્તે દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ ધરમશીભાઈ ચનીયારા અને જોડિયા તાલુકા મામલતદાર વિજયભાઈ સી. ડાભી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન ઉડાન યુથ ક્લબના પ્રમુખ નરોત્તમભાઈ વઘોરા અને નેહરુ યુવા કેન્દ્રના રાષ્ટ્રીય સ્વયંસેવક રાજેશભાઈ વઘોરા દ્વારા કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન નેહરુ યુવા કેન્દ્ર, જામનગરના જિલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગી દ્વારા કરવામાં આવ્યું હતું.

સતત ચોથા દિવસે માઉન્ટ આબુનું લઘુત્તમ તાપમાન શૂન્ય ડિગ્રી, ઠંડીને કારણે જનજીવન પ્રભાવિત

માઉન્ટ આબુમાં સતત ચોથા દિવસે પણ તાપમાન શૂન્ય, મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યાં

આબુ, પર્યટન સ્થળ માઉન્ટ આબુમાં હાડ થિજવતી ઠંડી પડી રહી છે. આબુમાં સતત ૪ દિવસથી તાપમાન શૂન્ય નોંધાઇ રહ્યું છે. આ સાથે જ અહીં બરફની ચાદર છવાયેલી પણ જોવા મળી રહી છે. વહેલી સવારે આવતા પ્રવાસીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળે છે. અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવા માટે અહીં આવ્યા છે. પ્રવાસીઓ આબુના કૂલ-કૂલ વાતાવરણનો આનંદ લેતા જોવા મળી રહ્યા છે. સતત ચોથા દિવસે માઉન્ટ આબુનું લઘુત્તમ તાપમાન શૂન્ય ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા ૪ દિવસથી સમગ્ર માઉન્ટ આબુમાં હાડ થિજવતી ઠંડી પડી રહી છે. કડકડતી ઠંડીના લીધે જનજીવન પર પણ અસર પડી છે. બીજી તરફ, વાહનોના કાચ પર ઝાકળના રૂપમાં બરફ જામી ગયો છે અને ઘાસના મેદાનો પર થીજી ગયેલા ઝાકળની ચાદર દેખાઈ રહી છે. આવામાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત દેશભરમાંથી પ્રવાસીઓ નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરવા અને હવામાનનો આનંદ માણવા અહીં આવી રહ્યા છે. અહીંનું ઠંડું વાતાવરણ પ્રવાસીઓને ખૂબ આકર્ષી રહ્યું છે. પ્રવાસીઓ આવતાં અહીં મોડી સાંજે બજારોમાં ઘણી હલચલ પણ જોવા મળી રહી છે. છેલ્લા ૪ દિવસથી સતત પડી રહેલી કડકડતી ઠંડીને કારણે અહીંનું જનજીવન પણ પ્રભાવિત થયું છે. હવે જ્યાં લોકો વહેલી સવારે અને મોડી સાંજે તાપણાની મદદથી ઠંડીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળે છે, ત્યાં મેદાનોમાં પાર્ક કરાયેલા વાહનોના વિન્ડશિલ્ડ અને છત પર બરફની ચાદર છવાઈ જોવા મળે છે. ઘાસના મેદાનોમાં ઝાકળ જામી જતાં ચારેબાજુ સફેદ ચાદરનો નજારો જોવા મળે છે. હવામાન નિષ્ણાતોનું માનવું છે કે, ક્રિસમસ પછી નવા વર્ષ સુધી પર્વતીય પર્યટન સ્થળ માઉન્ટ આબુમાં કડકડતી ઠંડી પડશે. મતલબ કે આગામી દિવસોમાં અહીં આવતા પ્રવાસીઓની સાથે સ્થાનિક લોકોને પણ કડકડતી ઠંડી ઠુઠરાવશે.

રાજકોટમાં ઘરમાં ૮થી વધુ દારૂ પીતા લોકોને પડોશીઓએ બહારથી તાળુ મારી પોલીસ બોલાવી

રાજકોટ, હવે જનતા જ પોલીસ બની જનતા રેડ પાડી દારૂની બદીને દૂર કરવાના પ્રયાસો કરી રહી છે. આવી જ એક ઘટના રાજકોટના નિર્મલા રોડ નજીક તિરૂપતિનગર સોસાયટીમાં બની છે. પાડોશમાં રહેતી મહિલાઓએ દારૂની પાર્ટી કરતા શખ્સોને તેમના ઘરમાં જ તાળુ મારી પૂરી દીધા હતા. બાદમાં પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસની ટીમ દોડી આવી હતી. ૮થી વધુ શખ્સ દારૂની મહેફિલ માણી રહ્યા હતા. જો કે પોલીસ આવતા જ ૩થી ૪ શખ્સ ભાગી ગયાનો સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો. ૮ મહિનાથી આ શખ્સો દારૂ પીને ખેલ કરી એરગનમાંથી ફાયરિંગ કરતા હોવાનો સ્થાનિક મહિલાઓએ આક્ષેપ કર્યો છે. પોલીસે ૩ શખ્સની ધરપકડ કરી રિક્ષામાં પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. આ શખ્સો સોસાયટીમાં અવારનવાર દારૂ પીવા આવતા હતા. સોસાયટીની મહિલાઓ આજે આકરા પાણીએ થઈ હતી. દારૂની પાર્ટી કરતા શખ્સોને તેના જ ઘરમાં પૂરી બહારથી મહિલાઓએ તાળુ મારી દીધું હતું. બાદમાં પોલીસને જાણ કરાતા ગાંધીગ્રામ પોલીસ દોડી આવી હતી. પોલીસે દારૂની બોટલ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મકાન માલિકે જણાવ્યું હતું કે, બહેનોને તકલીફ પડતી હતી એટલે હવે અમે આવું નહીં કરીએ. મિત્રો આવતા હતા તેને હવે આવવા નહીં દઉં. વીડિયોમાં સ્થાનિક મહિલાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, રીતસરની બધા બોટલો લઈને આવે છે. કાળા ઝબલામાં બોટલો લઈને આવે છે. પછી બધા દારૂ પીને રાતના ૨ વાગ્યે મોટા અવાજે સ્પીકર વગાડે છે. મકાન માલિક કશ્યપભાઈ ઠાકોર છે. અમે ત્રાસી ગયા છીએ ભાઈ. દારૂ પીને કપડા પહેરવાનું પણ ભાન રહેતું નથી અને નગ્ન થઈને નીકળતા હોય છે. તેમજ અપશબ્દો પણ બોલતા હોય છે. આઠ મહિનાથી સતત આ ત્રાસ છે. અમે અવારનવાર પોલીસને જાણ કરી છે. કશ્યપભાઈ પર ચાર કેસ ચાલુ છે. પોલીસ આવીને પકડી જાય અને બીજા દિવસે છૂટી જાય છે. અમારી એક જ માગ છે કે આ ઘર બંધ થવું જોઈએ. એક મહિલાએ વીડિયોમાં બોલી રહી છે કે, કાકા જેટલી બોટલો છે તે કાઢો. તો દારૂ પીનાર શખ્સ કહે છે કે, હવે કાંઈ નથી. તો અન્ય એક મહિલા કહે છે કે, જે બોટલો સંતાડી દીધી છે એ કાઢ. હમણા બોટલો લઈ આવ્યા હતા તે કાઢો. બોટલો કાઢો નહીંતર લાકડી દેવા માંડીશ. હથિયારો પણ કાઢો હાલો. બધું બતાવજો ઘરમાં હોય એ બધું, નહીંતર પોલીસની સામે જ મારીશું. ત્યારે પોલીસ કહે છે કે મારતા નહીં. આથી મહિલા કહે છે કે ના અમે મારીને કાયદો હાથ લઈશું નહીં. અન્ય એક મહિલાએ જણાવ્યું હતું કે, પહેલા કશ્યપભાઈને પોતાના પરિવાર સાથે જ ઝઘડો થતો હતો. તેઓ તેની પત્ની, દીકરી-દીકરાઓઓને મારતા ત્યારે અમે બચાવવા જતા હતા.

Owner : Kalyani Publications PVT LTD. Publisher and Printer : Mayur C. Bhatt. Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2. Published From and Place of Publication : 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara Editior : Mayur C. Bhatt

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ આઇસીઆઇસીઆઇ એચએફસી ટાવર, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૯, ભારત.

શાખા ઓફીસ : ચોથો માળ, ઓફીસ નં. ૪૩૬-૪૪૩, ઇમ્રાલ્ડ વન, વિનવર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૦
શાખા ઓફીસ : ત્રીજો માળ, ઓફીસ નં. ૩૨૩, સિટી સેન્ટર (લાભ-૨), એમ.પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ સામે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
શાખા ઓફીસ : ચોથો માળ, ૪૧૦, માઇલસ્ટોન વાઇબ્રન્ટ, એપ્પલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨

(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઇઓ)

સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ્ડ કરાયેલ છે, જેનો ભૌતિક કબજો આઇસીઆઇસીઆઇ હોમ કંપની લીમીટેડના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે નીચે આપેલ ટુંકી વિગંતો મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારો, સહ-દેવાદારો/જામીનદારો / કાનુની વારસદારોનાં નામ / લોન એકાઉન્ટ નંબર	સિક્યોર્ડ એસેટ્સની વિગત ટાંચમાં લીધેલ હોય તો	બાકીની રકમ	રિઝર્વ કિંમત અર્નેસ્ટ મની ડિપોઝીટ	મિલકત નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
એ	બી	સી	ડી	ઇ	એફ	જી
1.	મંસુરી ઝાકિરહુસેન (દેવાદાર), મંસુરી શાહિદાબાનુ (સહ-દેવાદાર) Loan Account No. LHBRD00001348487 & LHBRD00001348385	યુનિટ નં. એફ/૬૦, આરઝુ બંગલોઝ, મુકામ-દિવાલીપુરા ગામ, ડભોઇ રોડ, વડોદરા	રૂા. ૪૬,૭૪,૪૬૫/- (૧૬-ડિસેમ્બર-૨૦૨૨ ના રોજ)	Rs. 27,03,520/- Rs. 2,70,352/-	20th Jan, 2023 11:00 AM-03:00 PM	25th Jan, 2023 02:00 PM-03:00 PM
2.	ભોલાભાઇ ભાવચંદભાઇ જોગરાણા (દેવાદાર), જનાબેન બાવચંદભાઇ જોગરાણા (સહ-દેવાદાર) Loan Account No. LHRAJ00001293308	રેવન્યુ સર્વે નં. ૪૫૫ ૭ પૈકી, પાકા શેઠ વાડી પ્લોટ નં. ૧૩૮ અને ૧૩૯, તુલસી નગર પાસે, ભગવાન પરા પાછળ, ધાકણિયા રોડ પડખે, મુકામ-બોટાદ-૩૬૪૭૧૦	રૂા. ૩૩,૪૯,૫૪૨/- (૧૬-ડિસેમ્બર-૨૦૨૨ ના રોજ)	Rs. 14,75,320/- Rs. 1,47,532/-	20th Jan, 2023 11:00 AM-03:00 PM	25th Jan, 2023 02:00 PM-03:00 PM
3.	ચેતનાબેન ધર્મેશ પટેલ (દેવાદાર), પટેલ ધર્મેશ દિનેશભાઇ (સહ-દેવાદાર) Loan Account No. NHSUR00001293715	શોપ નં. એફ-૬, પહેલો માળ, પિરમીડ આઇકોન, ઉગટ રોડ સામે, જહાંગીરાબાદ, સુરત-૩૯૫૦૦૫	રૂા. ૩૭,૩૫,૬૭૦/- (૧૬-ડિસેમ્બર-૨૦૨૨ ના રોજ)	Rs. 30,69,000/- Rs. 3,06,900/-	20th Jan, 2023 11:00 AM-03:00 PM	25th Jan, 2023 02:00 PM-03:00 PM

ઓનલાઇન હરાજી અમારી હરાજી એજન્સી ઓક્શન ટાઇગરની વેબસાઇટ (URL Link-https://BestAuctionDeal.com) પર યોજવામાં આવશે. ગીરવેદારોને ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સાંજે ૫ વાગ્યા સુધી અથવા એ પહેલા કુલ બાકી રકમ તેમજ ચડત વ્યાજની ચુકવણી કરવાની છેલ્લી તક આપવામાં આવે છે નહીતર, સિક્યોર્ડ મિલકતો ઉપર શીડ્યુલમાં જણાવ્યા મુજબ વેચવામાં આવશે.

ભાવી બીડર(રો)એ અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) આરટીજીએસ/ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (જુઓ કોલમ ઇ) આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ચોથો માળ, ઓફીસ નં. ૪૩૬-૪૪૩ એમેરાલ્ડ વન વિનવોર્ડ બિઝનેશ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૦ ખાતે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી અથવા એ પહેલા જમા કરી શકાશે. નોંધ લેવી કે ભાવી બીડર(રો) ઉપર જણાવેલ સમયે તેમની ઓફરો જમા કરવા સક્ષમ ન હોય તો, ટેન્ડર દસ્તાવેજોની સહી કરેલ નકલ આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ચોથો માળ, ઓફીસ નં. ૪૩૬-૪૪૩ એમેરાલ્ડ વન વિનવોર્ડ બિઝનેશ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૦ ખાતે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યે અથવા તે પહેલા જમા કરી શકાશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) ગુજરાત ખાતે ચુકવવાપાત્ર આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ- ઓક્શનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત/શીડ્યુલ્ડ બેંકનો હોવો જોઇએ.

નિરિક્ષણ, હરાજીની શરતો અને નિયમો અથવા ટેન્ડરો જમા કરવાની કોઇ અન્ય સ્પષ્ટતાઓ માટે આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડનો ૭૦૨૧૦૭૨૮૬૯ ઉપર અથવા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટન, નેક્સઝેન સોલ્યુશન્સ પ્રાઇવેટ લીમીટેડનો સંપર્ક કરવા વિનંતી છે. અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ અથવા તમામ બીડો રદ કરવાનો અનામત હક ધરાવે છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, https://www.icicihfc.com ની મુલાકાત લેવા વિનંતી છે.

તારીખ: ૨૭ ડિસેમ્બર, ૨૦૨૨ **અધિકૃત અધિકારી**
સ્થળ: ગુજરાત **આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ**

માનનીય નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ
કંપની પિટિશન(સીએએ)૨૦૨૨નો નં.૭૬
માં
કંપની અરજી(સીએએ) નં. ૨૦૨૨નો નં. ૨૩
કંપની અધિનિયમ,૨૦૧૩ની બાબતમાં અને
ગોયલ કન્સ્ટ્રકશન્સ એન્ડ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ(પીટીશનર એમલગેમટીંગ કંપની) અને રિવેરા ઈન્ફ્રાપ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ (અરજદાર એમલગેમેટેડકંપની)અને તેના સંબંધિત શેરહોલ્ડરો અને લેણદારોના ડીમર્જરની યોજનાની બાબતમાં
અને
કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમો ૨૩૦થી ૨૩૨ અને અન્ય લાગુ નિયમોની બાબતમાં

ગોયલ કન્સ્ટ્રક્શન્સ એન્ડ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ (સીન-U45309GJ2020PTC116993), કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નોંધાયેલી છે, કંપનીની રજીસ્ટર ઓફીસ- એટ્ ગોયલ હાઉસ , કર્ણાવતી ક્લબ સામે, એસ.જી. હાઈ-વે , અમદાવાદ, ગુજ- ૩૮૦૦૧૫ — અરજીકર્તા એમલગેમટીંગ કંપની

રિવેરા ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (સીનઃ U45309GJ2020PTC113328), કંપની એક્ટ, ૨૦૧૩ હેઠળ નોંધાયેલી કંપનીની નોંધાયેલ ઓફિસ એટ્, ગોયલ હાઉસ, કર્ણાવતી ક્લબ સામે, એસ.જી. હાઈ-વે અમદાવાદ, ગુજ- ૩૮૦૦૧૫. — અરજીકર્તા એમલગેમેટેડ કંપની

પીટિશનની સુનવણીની નોટીસ

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨૩૦ થી ૨૩૨ હેઠળની અરજી પિટિશનર કંપનીઓ એટલે કે ગોયલ કન્સ્ટ્રક્શન્સ એન્ડ પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (અરજીકતા અમલગેમેટીંગ કંપની) અને રિવેરા ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (અરજીકર્તા અમલગેમેટેડ કંપની) અને તેમના સંબંધિત શેરધારકો અને શેરધારકો વચ્ચે ગોઠવણની યોજનાને મંજૂરી આપવા માટે અરજીકર્તા કંપની દ્વારા ૦૬.૧૨.૨૦૨૨ના રોજ રજૂ કરવામાં આવી હતી. ૧૩.૧૨.૨૦૨૨ના રોજ માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ દ્વારા પિટિશન દાખલ કરવામાં આવી હતી. આ પિટિશન ૨૪.૦૧.૨૦૨૩ના રોજ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની અમદાવાદ બેંચ સમક્ષ સુનાવણી માટે નક્કી કરવામાં આવી છે. સવારે અથવા તેના પછી તરત.

જણાવેલ પિટિશનને સમર્થન કે વિરોધ કરવા ઈચ્છતા કોઈપણ વ્યક્તિ તેમના પુરા નામ અને સરનામા સહિત તે અથવા તેમના એડવોકેટની સહી સહીત તેમના આશયની નોટીસ પીટીશનરના એડવોકેટને તેમના નીચેના સરનામા પર પિટિશનની સુનાવણીની નિયત તારીખના બે દિવસ પહેલા મળે તે રીતે મોકલી શકે છો.જો તેઓ પીટીશનનો વિરોઘ કરવા માંગતા હોય તો વાંઘાના કારણો અથવા અરજીના વિરોઘમાં વપરાયેલ હેતુના એફીડેવીટની નકલ સુનાવણીના બે દિવસ પહેલા માનનનીય નેશનલ લો કંપની ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ કોર્પોરેટ ભવન, ૧લા અને ૨જા માળ ઝાયડસ હોસ્પિટલ પાસે, થલતેજ, અમદાવાદ, ગુજરાત – ૩૮૦૦૫૯ ખાતે ફાઈલ કરવાની રહેશે. તેની નકલ પીટીશનરના એડવોકેટને મોકલવાની રહેશે.

પીટીશનની નકલ ઈચ્છતા કોઈપણ વ્યકિતને તેના માટે સુચવાયેલા ચાર્જની ચુકવણી કરવાથી પટીશનના એડવોકેટ દ્વારા પુરી પાડવામાં આવશે.

સહી/-
શ્રીમતી ધર્મિષ્ઠા એન. રાવલ
પીટીશનર કંપનીના એડવોકેટ
૨૧/૨૩,લક્ષ્મી ચેમ્બર્સ, બીજો માળ,
નવજીવન પ્રેસ રોડ, ઉસ્માનપુરા,
અમદાવાદ- ૩૮૦ ૦૧૪

સ્થળ: અમદાવાદ
તારીખ:૨૭ /૧૨/૨૦૨૨